# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૫૪ • તા. ૨૨ માર્ચ થી ૨૮ માર્ચ ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


# શ્રી પશ્ચિમ એકમ

## અને

# શ્રી કચ્છ એકમ


## દ્વારા

# "જ્ઞાતિ ચિંતન શિબિર"

### " જ્ઞાતિના જટિલ પ્રશ્નો નિરાકરણ માટેનો મંચ"




Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
Happy
UGADI
Happy
Gudi Padwa
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


**અમારી વાત...** **સંપાદક સ્થાનેથી**

# પુસ્તક આપણા સાચા મિત્ર

જીવનમાં જેટલી ગરજ એક સાચા અને સારા મિત્રની હોય છે. એટલીજ જરૂરત સારા અને સાચા, સ્પષ્ટ અને વિચાર અભિવ્યક્તિની ખીલવણી કરતાં શબ્દોના સાથની જરૂરી હોય છે. વાણી દ્વારા આપણા મનના વિચારો પ્રગટ થાય છે, પ્રસાર થાય છે. વાચા દ્વારા બોલાયેલા શબ્દો ગ્રંથસ્થ થઈ પુસ્તકારે સંગ્રહિત થાય છે. આ શબ્દોના સંકલન થયેલ પુસ્તકો વર્તમાન અને ભવિષ્યકાળમાં ઝળહળતી મશાલ જેમ અનેકોના જીવનનું માર્ગદર્શન કરે છે.

કોઈપણ ભાષામાં બોલાયેલ શબ્દો આખરે આપણા મનમાં ચાલતા વિચારોનું પૂર જેવાં, કે લાગણીઓના બાંધેલા પોટલાં જેવા અથવા આપણી વેદના, સંવેદના અને આશા કે ઉમ્મીદોના ખજાના જેવા હોય છે. મનના મહેરામણમાં સર્જાતા શબ્દોના મોજાં જો વાચા દ્વારા કિનારો પામે તો ઠીક છે. નહીં તો અંતરના ઊંડાણમાં ઘરબાઈ કાળ મીંઢ સમય કાળમાં દફનાઈ મરે છે.

વીતી ગયેલા વખતકાળમાં માત્ર પુસ્તકો જ શબ્દોની જાળવણીનું માધ્યમ હતા. તે અગાઉ વિશિષ્ટ પ્રકારના ઝાડનાં પતા-પાંદડા ઉપર અક્ષરો લખાઈ તેનું સંકલન થતું. હવે તો પુસ્તકોની સાથે મોર્ડન ટેકનોલોજીના લીધે વિવિધ સ્વરૂપે અક્ષરો શાશ્વત સ્વરૂપે સચવાય છે. ટેકનોલોજી આજે આશીર્વાદ રૂપે છે અને અભિશાપ રૂપે પણ તેનો પરચો દાખવે છે. પહેલાં ટેકનોલોજીના ઉપયોગના પ્રતાપે સમયની બચત થ તી હતી હવે આજ ટેકનોલોજી સૌના સમયના બરબાદીનું કારણ પણ બની રહી છે.

દરેક લાગણી કંઈ શબ્દો દ્વારા લખી અભિવ્યક્ત નથી થઈ શકતી, ક્યારેક એ ગીતો દ્વારા, હસ્તકલા, રંગો કે અંગોના હાવભાવ દ્વારા પણ. ટોળેના ટોળા હોય તેં છતાં જેને કંઈ સંદેશા કહેવો છે તેને જ માત્ર એકલાને એ દ્વારા પહોંચાડી શકાય છે.

પુસ્તકોએ શબ્દોની મંજૂષા, અક્ષરોનો અખૂટ પટારો છે. જેને કાળનો ક્રમ પણ મટાવી શકતો નથી. પુસ્તકોને જ્ઞાનના ભંડાર કહેવાયા છે. સુખ દુ:ખના સાચા સાથી ગણાયા છે. મન જ્યારે વિચલિત થયેલ હોય, મગજ ડામાડોળ હોય, વિચારોની નાવડી વમળના ઘેરામાં હાલક ડોલક થઈ રહી હોય ત્યારે આપણી વેદના સાંભળી શકે, સમજી શકે અને સલાહ માર્ગદર્શન આપી શકે એવા મિત્રની જરૂરત હોય છે. પણ જો મિત્ર સમીપન હોય એ સમયે કોઈ મનગમતું પુસ્તક જો આંખ સમક્ષ હોય તો તેનું વાંચન તેનું સાંનિધ્ય પામી મન-મગજને સધિયારો પ્રાપ્ત થાય છે. શબ્દોના જ્ઞાન પ્રકાશથી અવ્યક્ત શાંતિ થાય છે. અક્ષરોના સમીકરણથી જાણે નવો રાહ મળે છે, નવી દિશા મળે છે.

પુસ્તકોને પ્રેરણાની પરબ કહેવાય છે. જે તરસને મટાડે અસમંજસ અવસ્થાને શાંતિ આપે. જ્ઞાન-વિજ્ઞાન વેદ-ધર્મ, સત્ય આચાર-વિચારના અખૂટ ખજાના જે ખોબલા ખોબલા ભેર વેરે છે એવા પરમ મિત્ર પુસ્તકો સૌને માટે રહનુમા માર્ગદર્શક અને મંઝિલ ભણી પહોંચાડતા મિત્ર જેવા છે. મિત્રની મદદ પામવા હાકલ કરવી પડે છે. જ્યારે પુસ્તક નામનો મિત્ર આપણી સમીપ આપણા હાથ વેંતમાં જ રહે છે. એટલે જ પુસ્તકોને Friends For Ever કહેવાયા છે.

- જય જ્ઞાતિમૈયા

# ધીરજના ફળ મીઠાં

આપણા જીવનમાં કંઈપણ સારું કે નરસું ઘટે એટલે આપણે પોતે પોતાને હૈયાધારણ આપતા કહીએ છીએ કે જે થાય એ સારા માટે જ થાય છે. આ એક વાતથી મન ઉપર નેગેટિવ વિચારોની અસર થતી નથી પોઝિટીવ વાઈબ્સ ઉત્પન્ન થઈને ફરી ઉત્સાહમાં આવી જવાય છે. સમય પોતાની અસર છોડે છે જેને લીધે દુઃખ કે દર્દ કે શોકની ભાવના આપોઆપ ઓસરવા લાગે છે. જે વસ્તુ આપણા જીવનમાં થાય છે એ હંમેશા સાચા સમયે જ થાય છે અને સારા માટે થાય છે. એના જેવો કોઈ ચમત્કાર છે જ નહીં આપણા માટે. આપણે ઘણું બધું વિચારતા હોઈએ છીએ ઈચ્છા પણ રાખતા હોઈએ છીએ પણ સમસ્યા એ છે કે આપણે જે વિચારીએ છીએ, ઈચ્છીએ છીએ એ તરત જ પૂરું થાય એ આપણી હૃદયની ભાવના હોય છે. ક્યારે ય વિચારતા નથી કે જે ઈચ્છીયું છે તે ભલે ત્વરીત ન મળ્યું પણ આપણને કોક દિવસ જરૂર મળશે જ. બસ થોડીક ધીરજ રાખવાની છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

એટલે જ કહ્યું છે કે ધીરજના ફળ મીઠાં ઉતાવળે આંબા ન પાકે એવું કહેવાયું છે. જે ધીરજ રાખવા અંજપો ન રાખવાનો દિશા નિર્દેશ આપે છે. દરેક ઈચ્છા પૂરી થવાનો, દરેક સપનું પુરું થવાનો દરેક વ્યક્તિના જીવનમાં આવવાનો એક સાચો સમય હોય છે. જે સમયની બસ રાહ જોવાની હોય છે ને એ જે સમય આપણને મળે છે એ જીવનભર સાથે રહે છે. કેમકે એ સાચા સમયે મળેલું હોય છે ને સાચા સમયે મળેલી કોઈ પણ વસ્તુ હમેંશા જીવનભર સાથે રહે છે. જે અમૂલ્ય સંભારણું બને છે. કોઈ વસ્તુ કોઈ ઈચ્છા હોય જે આપણે આપણા માટે ઈચ્છીએ જે ઈશ્વરે ક્યારે આપવું એ નક્કી કરી રાખેલ હોય છે. બસ એ સાચો સમય આવે એની રાહ જોતા હોય છે. બાકી આપણે જે સાચા દિલથી ઈચ્છીએ છીએ એ હમેંશા આપણને પરમાત્મા આપે જ છે. બસ ધીરજ રાખવાની જરૂરત છે. સાચો સમય આવે તેની રાહ જોવાની છે. કારણ કે સાચો સમય બધાના જીવનમાં વહેલુ કે મોડું આવે છે પણ એ સમય આપણે નહીં ઈશ્વર નક્કી કરે છે.

જ્ઞાનીજનો એ એટલે જ તો કહ્યું છે કે 'ધીરજ ઘર તું અરે અધીરા'. ધીરજથી થતાં કામોમાં ભલીવાર હોય છે. ધીરજથી થતાં કામો શાંતિપૂર્વક, ચોકસાઈથી ગણતરીપૂર્વક કરી શકાય છે. જેમાં સફળતાની ટકાવારી એ પ્લસ ગ્રેડની હોય છે. ધીરજથી સ્વસ્થતા રહે છે. સ્વસ્થા એટલે વ્યવસ્થાની સગી બહેન. વ્યવસ્થાને કોઈ અવસ્થા નડતી નથી.

ધીરજ ઘરે એ અવિરત આગળ વધે. ધીરજ ખૂટે એટલે લય તૂટે. લય વિના લક્ષ્ય પ્રાપ્ત થતું નથી. ધીરજમાં ઉતાવળનો સદંતર અભાવ. આપણી ઉતાવળથી જ ઘણાં કામો બગડે છે કે વિલંબિત થાય છે. માણસને બધું ઈન્સ્ટંટ તાબડતોબ જોઈએ છે. ઓનલાઈન રહેવામાં લાઈફ લાઈન ભૂલી ગયો છે. કવિએ લખ્યું છે કે, 'ધીરે ધીરે રે મનવા, ધીરે સબ કુછ હોઈ, માલી સીંચે સો ઘડા, ઋતુ આયે ફલ હોઈ' ગમે તેટલાં પ્રયત્ન કરો, ગમે તેટલું પાણી સીંચો મોસમ આવે ત્યારે જ ફળ-ફૂલ પામીએ છીએ કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે ઘણાં કામો એવાં હોય કે જેમાં કોઈ ઉતાવળ કારગત નીવડતી નથી. એ માટે પ્રતિક્ષા કરવી પડે છે રાહ જોવી પડે છે, ધીરજ ધરવી પડે છે એટલે જ જ્યાં જ્યાં ઉતાવળ કરવાની ચૂક થાય છે, અધીરાઈ બતાવાય છે ત્યાં ત્યાં નુકસાન જ વેઠવું પડે છે એ વાત નક્કી છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st Jan - 30th June 2025**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING
Now Available

HOME LOAN

CAR LOAN

COMMERCIAL VEHICLE LOAN

SOLAR LOAN

*7.49%
(p.a.)

*8.49%
(p.a.)

GOLD LOAN

LOAN AGAINST PROPERTY

TRADE LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# જ્ઞાતિના જટિલ પ્રશ્નો બાબતે ચિંતન કરવા કાજે તા.૨૦ એપ્રિલના શ્રી પશ્ચિમ એકમ અને શ્રી કચ્છ એકમ દ્વારા

# જ્ઞાતિ ચિંતન શિબિર-૧નું અમદાવાદ મધ્યે આયોજન

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની હાકલને પ્રતિસાદ આપતા આપણી કેડીઓ જ્ઞાતિના જટિલ પ્રશ્નો જેવા કે છુટાછેડા, સગપણ બાબતે જટિલતા અને જન્મદરમાં ઘટાડા જેવા મુદ્દાઓ જે સમગ્ર જ્ઞાતિ પર અસર કરે છે,

આ બાબતે સૌ સાથે મળીને જ્ઞાતિના પ્રશ્નોનું નિરાકરણ કરવા ચર્ચા વિચારણા કરી શકશે એ કાજે શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની ચિંતાને પ્રતિસાદ આપતાં શ્રી પશ્ચિમ એકમ અને શ્રી કચ્છ એકમના સંયુક્ત ઉપક્રમે તા.૨૦ એપ્રિલ રવિવારના શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદના આંગણે જ્ઞાતિ ચિંતન શિબિર-૧નું આયોજન કરાયું છે.



આમાં શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન સંચાલિત શ્રી કચ્છ એકમ તથા શ્રી પશ્ચિમ એકમના ક્ષેત્રમાં આવતા તમામ મહાજનો જોડાઈ શકશે. ૧) દરેક મહાજનના ૪ (ચાર) સભ્યો તેમાં ઓછામાં ઓછા બે મહાજનશ્રીના હોદ્દેદાર હોવા જોઈએ તેમજ મહિલા મંચ અને યુવા મંચના એક એક એમ મળીને કુલ્લ ૬ પ્રતિનિધિ જોડાઈ શકશે. ૨) દરેક મહાજનશ્રીને તેમના એકમ તરફથી ગૂગલ ફોર્મ મોકલવામાં આવશે તેમાં જરૂરી તમામ માહિતી તા.૧૦ એપ્રિલ પહેલા ભરવાની રહેશે. ગૂગલ ફોર્મ ભરવામાં કોઈ અડચણ આવતી હોય તો તમારા એકમના હોદ્દેદારોનો સંપર્ક કરીને રજિસ્ટ્રેશન કરાવી શકશે. ૩) જ્ઞાતિ ચિંતન શિબિર-૧ની સંપૂર્ણ વ્યવસ્થાની જવાબદારી શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદને સોંપવામાં આવેલ છે. વધુ માહિતી માટે તમારા એકમના પદાધિકારીનો સંપર્ક કરવો.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, આયોજિત

KDO

# "જ્ઞાતિ ચિંતન શિબિર"

### " જ્ઞાતિના જટિલ પ્રશ્નો નિરાકરણ માટેનો મંચ"



## આપણી કેડીઓ જ્ઞાતિના જટિલ પ્રશ્નો...

ખાસ કરીને **છૂટાછેડા, છોકરા-છોકરીઓના સગપણ** અને **જન્મદરના ઘટાડા** જેવા મુદ્દાઓ સમગ્ર જ્ઞાતિ પર અસર કરે છે.

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન** ની હાકલ ને સ્વીકારી **શ્રી પશ્ચિમ એકમ અને શ્રી કચ્છ એકમ** સંયુક્ત સંચાલિત

## "જ્ઞાતિ ચિંતન શિબિર-૧"

**જ્ઞાતિ પ્રશ્નોનું નિરાકરણ અને સમૃદ્ધિ માટેનું મંચ**

નું આયોજન શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ ના આંગણે

**તા. 20 એપ્રિલ 2025, રવિવાર ના રોજ કરવામાં આવેલ છે.**

**વધુ માહિતી માટે સંપર્ક**

| શ્રી પશ્ચિમ એકમ | | શ્રી કચ્છ એકમ | |
|---|---|---|---|
| કમલેશભાઈ દંડ | 98250 42208 | મહેશભાઈ લાલકા | 98252 87555 |
| રાજેશ ધરમશી | 99250 38896 | લહેરચંદભાઈ ખોના | 98251 38103 |

**આગામી "જ્ઞાતિ ચિંતન શિબિર" ના કાર્યક્રમ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.**

| | | | |
|---|---|---|---|
| "જ્ઞાતિ ચિંતન શિબિર-૨" | દક્ષિણ એકમ | "જ્ઞાતિ ચિંતન શિબિર-૪" | મહારાષ્ટ્ર એકમ |
| "જ્ઞાતિ ચિંતન શિબિર-૩" | ઉત્તર ભારત એકમ | "જ્ઞાતિ ચિંતન શિબિર-૫" | મુંબઇ મહાજન |

# તિરૂપુર સંઘમાં ફાગણ ફેરીની ધર્મ આરાધના થઈ

તા.૧૨ માર્ચ બુધવારના રોજ દક્ષિણ ભારત વિસ્તારના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જિનાલય મધ્યે સવારે ૧૦ કલાકે ફાગણ ફેરીનું આયોજન કરાયું હતું. જેમાં સંઘના ઘણા બધા શ્રાવક શ્રાવિકાઓ જોડાઈ ધર્મ લાભ લીધો હતો. ઉસ રસ અને કોકમ શરબત સાધર્મિક બહેનો દ્વારા અપાયું હતું. કાર્યક્રમના અંતે રૂા.30ની પ્રભાવના પ્રત્યેકને કરાઈ હતી.





# શ્રીમતી લક્ષ્મીબેન રાજેન્દ્ર ગોસર શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈના પ્રમુખપદે વરાયા

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈના વર્તમાન પ્રમુખ અશોકભાઈ પોલડીયાની ટર્મ તા.૩૧ માર્ચ ૨૦૨૫ ના પૂર્ણ થતી હોઈ સંયુક્ત મહાજનના નવા પ્રમુખ તરીકે શ્રીમતી લક્ષ્મીબેન રાજેન્દ્ર કાંતિલાલ ગોસર બારોઈ હાલે વસઈ મહારાષ્ટ્રના નામની કેતનભાઈ ગોસરે દરખાસ્ત મૂકી જેને ધનપતિભાઈ મોમાયાએ દરખાસ્તને ટેકો આપી બહાલી આપતા શ્રીમતી લક્ષ્મીબેન રાજેન્દ્ર ગોસરના નામને સ્વીકૃતિ આપવામાં આવી અને તેઓ મહાજનશ્રીના નૂતન પ્રમુખ તરીકે વરાયા હોવાની જાહેરાત કરાઈ. તેને સમસ્ત શ્રાવક શ્રાવિકાઓ એ સહર્ષ વધાવી લીધી અને શુભેચ્છા આપી હતી.

નવા પ્રમુખશ્રીનો ટર્મ તા.૧ એપ્રિલ ૨૦૨૫ થી પાંચ વર્ષ માટેની રહેશે. નવા વરાયેલા પ્રમુખ શ્રીમતી લક્ષ્મીબેન રાજેન્દ્ર કાંતિલાલ ગોસરને નૂતન પદસ્થાન માટે હાર્દિક અભિનંદન સાથે અનેક શુભકામનાઓ. તેમના કાર્યકાળ દરમ્યાન જ્ઞાતિ હિતના ઉત્તમ કાર્યો થાય એ શુભભાવના વ્યક્ત કરીએ.



# ગોએરસમા-બારોઈ નગરે જિનાલયનો ધ્વજામહોત્સવ ભવ્યતાથી સંપન્ન







૧૬૩ વર્ષ પ્રાચીન બારોઈ તીર્થનાશ્રી શાંતિનાથ જિનાલય તથા ૯૭ વર્ષ પ્રાચીન ગોએરસમા ગામના શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે વિક્રમ સંવત ૨૦૮૧ ફાગણ વદ ૧ અને ૨ શુક્રવાર તા.૧૪ માર્ચ અને તા.૧૫ માર્ચ શનિવારના રોજે દ્વિદિવસીય ધ્વજા મહોત્સવ યોજાયેલ. ધ્વજા મહોત્સવ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલા પ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આશીર્વાદ અને પ.પૂ. મુનિરાજશ્રી હિતવર્ધનસાગરજી મ.સા.ની નિશ્રામાં સંપન્ન થયેલ.

પ્રથમ દિને તા.૧૪ માર્ચ શુક્રવારના બન્ને જિનાલયે અઢાર અભિષેકની ધર્મ આરાધનાઓ થઈ. ત્યારબાદ રાત્રે કિશોરભાઈ સંગારના સથવારે ભક્તિ ભાવના થયેલ હતી. શનિવાર, તા.૧૫ માર્ચના વહેલી સવારે ગોએરસમા નગરના શ્રી ચંદ્રપ્રભ જિનાલયની ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી કસ્તુરબાઈ કલ્યાણજી ગોસર-સેંધવા-ગોએરસમા પરિવારે લીધેલ. ત્યારબાદ બારોઈ નગર ખાતે શ્રી શાંતિનાથજી જિનાલયે વિજય મુર્હૂતમાં ધ્વજા ચઢાવવાનો લાભ કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી મણિબાઈ કાંતિલાલ ગોસર મુંબઈ બારોઈ પરિવાર દ્વારા લેવાયો.


આ ધ્વજા મહોત્સવ ટાણે દેશ-દેશાવરની સાથે સ્થાનિક ગામવાસીઓ નિયાણી બહેનો, આમંત્રિતો બહોળી સંખ્યામાં પધારેલ. ધ્વજા મહોત્સવના સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે નામી અનામી દરેક કાર્યકર્તાઓએ ભારી જહેમત ઉઠાવેલ તેમનો સંઘ આભાર માનેલ અને આવો જ સાથ સહકાર હર હમેંશ મળતો રહેશે એવી આશા રાખે છે. એવું શ્રી ગોએરસમા બારોઈ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનના માનદમંત્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા તરફથી જણાવવામાં આવેલ છે.





# જલગામ નગરના શ્રી ભાગ્યવર્ધન પાર્શ્વનાથ જિનાલય દાદાવાડી આંગણે વર્ષીતપનો પ્રારંભ









પ.પૂ.સાધ્વી ભગવંત શ્રી હિતોદયાશ્રીજી મ.સા., પ.પૂ. રાજ્યશાશ્રીજી મ.સા. (રાજા મ.સા.), પ.પૂ.સાધ્વીમરૂધર જ્યોતિશ્રી મણિ પ્રભાશ્રીજી મ.સા. એવમં પ.પૂ.સાધ્વીશ્રી મોક્ષરત્નાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨, સાધ્વી ભગવંત પ.પૂ.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા-૫ની પાવન નિશ્રામાં વિક્રમ સંવત ૨૦૮૧ ફાલ્ગુન વદી ૮ તા.૨૧ માર્ચ શુક્રવારના સવારે ૮.૩૦ કલાકે આરાધના ભવન શ્રી ભાગ્યવર્ધન પાર્શ્વનાથ જિનાલય, દાદાવાડી પરિસર, નેશનલ હાઈવે નં.૬, જલગામ મધે વર્ષીતપનો તપસ્વીઓએ પ્રારંભ કર્યો. તેર મહિના આશરે ૪૦૦ દિવસ ચાલનારું આ તપ એક સામાન્ય તપ નથી પણ પરમાત્મા શ્રી ઋષભદેવના પગલું પગલું ચાલવાની યાત્રા છે.

# બુધવાર, તા.૯ એપ્રિલ ૨૦૨૫ના વિશ્વ નવકાર મહામંત્ર દિવસમાં જોડાવા આહ્વાન





તા.૯ એપ્રિલ ૨૦૨૫ બુધવારના વિશ્વ નવકાર મહામંત્ર દિવસની ઉજવણી ભવ્ય રીતે કરવાની તૈયારીઓ પુરજોશ રીતે શરૂ છે. સવારના ૭.૦૧ થી ૯.૩૬ દરમ્યાન ભારત સહિના ૧૦૮ દેશોના લાખો લોકો ૧૦૦ થી વધુ અનુષ્ઠાન કરી છ હજારથી વધુ દેરાસર ઉપાશ્રયો, સ્થાનકોથી આનું લાઈવ પ્રસારણ થશે. વિશ્વ મૈત્રી વિશ્વ શાંતિ, વિશ્વ કલ્યાણના આ ભવ્ય આયોજનમાં જોડાવવા લિંક https://bit.ly/vishwanavkardivas દ્વારા રજિસ્ટ્રેશન કરવાનું આહ્વાન કરાયું છે. આ ભવ્ય આયોજનમાં આપણે જોડાઈએ અને અન્યોને એ માટે પ્રેરિત કરીએ અને જિનશાસનનો જય જયકાર બુલંદ કરીએ.

---

# સંજીવની કેસ નં.૧૭૭ માટે જરૂરી રકમ રૂા.૧.૫૪ લાખ માટે ક્રાઉડ ફંડિગ શરૂ છે

તેરા-બુરાહનપુરના ૬૪ વર્ષીય શ્રીમતી હંસાબેન રમેશ લોડાયા છેલ્લાં કેટલાક વર્ષોથી બંન્ને ઘૂંટણમાં ગંભીર દર્દની પીડાથી ગ્રસ્ત છે. તેમને ડોક્ટરો દ્વારા ડાબા પગના ઘૂંટણની સર્જરીની સલાહ આપવામાં આવી છે.

તેઓ તેમના પતિ સાથે થોડા વર્ષોથી પુત્રી સાથે રહે છે. પતિ નિવૃત્ત છે. અગાઉ તેઓ પરલી ખાતે શ્રીમદ રાજચંદ્ર આત્મતત્વ સંશોધન કેન્દ્રમાં કામ કરતાં હતા. પરિવારની નથી કોઈ બચત કે નથી કોઈ મેડિકલેઈમનો આધાર. આવા વિકટ પરિસ્થિતિમાં સારવાર ઈલાજ માટે રૂા.૧.૫૪ લાખનો બોજ આવી પડ્યો છે. જેને માટે લોડાયા પરિવારએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત અરજી કરી છે.




આવેલ અરજીનો તાર્કીક અભ્યાસ કરી ભંડોળ જમા કરવા કેસ ક્રાઉડ ફંડિગ માટે ખૂલ્લુ મૂકાયું છે. શ્રીમતી હંસાબેન લોડાયાની કપરા સમયમાં મદદ કાજે તત્પર રહી તેઓ ઈલાજ સારવાર કરી જલદી સ્વસ્થ થઈ પુનઃ ઘરે પાછા ફરે એ ભાવના રાખી તેમની મદદ અરજીનો સાનુકુળ પ્રતિસાદ આપી માનવતાનો ઉમદા ઉદાહરણ આપીએ.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી


**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી માર્ચથી એપ્રિલ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૩૦ માર્ચ ૨૦૨૫ | કોઠારામા બિરાજમાન મૈશેરી કુળદેવી શ્રી ચામુંડા માતાજીને નમતા ભાવિકોની ૧૫મી સમુહ પહેડીઃ  સવારે ૯.૦૦ ક. થી : મેવાડ કેશરી હોલ, ભાડુંપ. |
| તા. ૩૦ માર્ચ ૨૦૨૫ | શ્રી ભલારા દાદા ટ્રસ્ટ, લાલપુર આયોજિત શ્રી ભલારા દાદાની મુંબઈમાં સમુહ પહેડીઃ સાંજે ૪.૦૦ ક. થી : ગુડી પડવોઃ તા. ૩૦ માર્ચ ૨૦૨૫ઃ મેવાડ કેશરી હોલ, ભાડુંપ. |
| તા. ૩૦ અને ૩૧ માર્ચ ૨૦૨૫ | શ્રી કેડીઓ જૈન મીડ ટાઉન સંઘઃ અગાઉથી નોધાયેલા મસાલા- તેજાના ઈત્યાદિ ખાદ્ય ચીજો ના ઓર્ડરનું વિતરણઃ માટુંગા- કિંગ્સ સર્કલ |
| તા. ૧ થી ૨ એપ્રિલ ૨૦૨૫ | વરાડીયામાં શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ સંચાલિત ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિરોનું ધ્વજારોહણ મહોત્સવ : મુખ્ય લાભાર્થીઃ મા. હીરબાઇ રતનશી પાશવીર ડાઘા હ. નલીનભાઈ |
| તા. ૦૨ એપ્રિલ ૨૦૨૫ | તેરામાં બિરાજમાન મોતા પરીવારના કુળદેવી શ્રી અંબાઈમાના ભુવા શ્રીનું ચયન તથા ૨૫મી સમુહ પહેડીઃ કચ્છ તેરા. |
| તા. ૩ થી તા. ૧૩ એપ્રિલ ૨૦૨૫ | સાંધવ તીર્થઃ સં. ૨૦૮૧ ચૈત્ર માસની આયંબિલ ઓળી. |
| તા. ૬ એપ્રિલ ૨૦૨૫ | શ્રી લોડાયા પરિવાર સચ્ચાઇ માતાજી ભાવિક મંડળ, હૈદરાબાદ : કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીની સમુહ પહેડી : સવારે ૯.૦૦ ક. થીઃ કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ. |
| તા. ૬ એપિલ થી તા. ૩૧ મે ૨૦૨૫ | ગદગ સ્થિત જીવન સંધ્યા સુખાલયમા સુખોત્સવ ઉજવણી |
| તા. ૯ અને ૧૦ એપ્રિલ ૨૦૨૫ | નલિયા ગામમાં બિરાજમાન ધરમશી કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા પરીવારોની પહેડી તથા શ્રી પુડશા દાદાના ભુવા શ્રી ની ગન્ધી બદલી કાર્યક્રમ |
| તા. ૧૦ થી ૧૨ એપ્રિલ ૨૦૨૫ | લાલપુરમાં શ્રી ભલારા દાદા દેવસ્થાને ધ્વજારોહણ સહિત ચૈત્રી મહોત્સવઃ ચૈત્ર સુદ તેરસ થી પુનમ. |
| તા. ૧૨ એપ્રિલ ૨૦૨૫ | વારાપધરમાં બિરાજમાન શ્રી દાદા ભલારા દેવસ્થાનના ભોઇ મા ના બાના (ગંધી) બદલી પ્રસંગ. ચૈત્રી પુનમ. |
| તા. ૧૨ એપ્રિલ ૨૦૨૫ | શ્રી ભલારા દાદા ભક્તિ મંડળ, હૈદરાબાદઃ શ્રી ભલારા દાદાનો સમુહ પાઠઃ સાંજે ૬.૦૦ ક. : કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ : લાભાર્થીઃ મા. રાજબાઇ પદમશી ખીમજી મોતા પરીવાર હ. ગીરીશભાઇ પરીવાર |
| તા. ૧૭ અને ૧૮ એપ્રિલ ૨૦૨૫ | શ્રી ભલારા દાદા દેવસ્થાનક કચ્છ રવા ગામમાં પુનઃ પ્રતિષ્ઠા બાદ તૃતીય ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૨૧ એપ્રિલ ૨૦૨૫ | વાંકુ ગામમાં બિરાજમાન વાંકુ, સાંયરા તથા જખૌના સોની પરિવારનાં કુળદેવી શ્રી અંબે માતાજીનો વાર્ષિક પાટોત્સવ (ધ્વજા આરોહણ) તેમજ માતાજીનાં ભુવાજીની ગંધી બદલવાનો પાવન પ્રસંગ |
| તા. ૨૭ એપ્રિલ ૨૦૨૫ | શ્રી વારાપધર તીર્થ દેરાસરના જિર્ણોદ્ધાર બાદ પુનઃ પ્રતિષ્ઠા તેમજ વિવિધ પુજન ના ચડાવા : શ્રી મેવાડ કેશરી હોલ, ભાડુંપઃ સવારે ૭.૦૦ ક. થી |
| તા. ૩૦ એપ્રિલ ૨૦૨૫ | શ્રી વિમલનાથજી દેરાસર, બાગલકોટઃ અઢાર અભિષેક સહ ૧૯મો ધ્વજારોહણ મહોત્સવ |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પુષ્પાબેન બોરીચા**
તા.૧૮ માર્ચ (ઉ.૬૯)
બાયઠ-મીરા રોડ




**ચેતનભાઈ મોમાયા**
તા.૧૯ માર્ચ (ઉ.૭૮)
વરાડીયા-સેલમ




**ભૂપેન્દ્રભાઈ ભેદા**
તા.૨૦ માર્ચ (ઉ.૮૮)
વારાપધર-માટુંગા



**લહેરચંદભાઈ શિયાળ**
તા.૨૦ માર્ચ (ઉ.૫૭)
જખૌ-ડોંબિવલી



**પ્રવીણભાઈ છેડા**
તા.૨૨ માર્ચ (ઉ.૬૮)
નલિયા-થાણા



**ભરતભાઈ લોડાયા**
તા.૨૨ માર્ચ (ઉ.૬૧)
રવા-બેંગલુરૂ



**પુષ્પાબેન લોડાયા**
તા.૨૨ માર્ચ (ઉ.૮૦)
વારાપધર-મુલુંડ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


KDO

શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
મેડિકલ સમિતિ



KDO SANJIVANI

## કેડીઓ સંજીવની

માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● નખત્રાણા એસ.ટી.બસ સ્ટેશનના પાછળના ભાગમાં જૂના કપડાં વેચતા ૨૫ જેટલા પરિવારો પાસે ગરીબ શ્રમજીવી વર્ગના લોકો મોટી સંખ્યામાં ખરીદી કરે છે. હાથલારી પર પેન્ટ, શર્ટ, લેંઘા, સાડી, સહિતના તૈયાર જૂના વસ્ત્રો વેંચતા સતવારા જ્ઞાતિના ધંધાર્થીઓના જણાવ્યા મુજબ ઘરવખરીમાં તેમજ રસોડામાં વપરાતા ધાતુઓના વાસણોની સામે ઘરોમાંથી જૂના વસ્ત્રો સાટામાં ખરીદવામાં આવે છે. કપડાની જોડી કે એક નંગ વસ્ત્ર કાપડની ક્વોલિટી અને વસ્ત્રની સ્થિતિ પ્રમાણે રૂા.૪૦ થી ૫૦ની કિંમતે વેંચાતાં વસ્ત્રો જરૂરિયાતમંદો માટે આશીર્વાદરૂપ બને છે.

● નખત્રાણા તાલુકાના નાગલપુર ગામના સંકેત ગંગારામભાઈ નથુ ધોળુ એ કોમર્શિયલ પાઈલટની તાલીમ મેળવી ગગનમાં ઊડાન કરવાની સિધ્ધિ પ્રાપ્ત કરી છે. ધંધાર્થે ગોવા વસતા સંકેત ધોળુએ પ્રાથમિક શિક્ષણ નખત્રાણા ત્યારબાદ જે.બી.ઠક્કર કોમર્સ કોલેજમાં ગ્રેજ્યુેશન કરી મધ્ય પ્રદેશના ભોપાળ ખાતે એન.પી.એફ.સી.ક્લબના તાલીમ સેન્ટરમાં તથા મહેસાણામાં ૨૦૦ કલાકની ઉડાન સાથે તાલીમ લીધી હતી. મૂળે તેની ઈચ્છા એરફોર્સમાં જવાની હતી. પણ દિલ્હી મધ્યે ઈન્ટરનેશનલ કોમર્શિયલ પાઈલેટ બનીને સ્વપ્ન સાકાર કર્યું હતું. ટેબલ ટેનિસ તેમજ બાસ્કેટ બોલમાં પણ સારી પકડ ધરાવે છે.

● સદીના મહાનાયક અમિતાભ બચ્ચને જેનો પ્રચાર કર્યો હતો. તે કચ્છના શ્વેત સૌંદર્યને નિહાળીને બચ્ચન પરિવારના જયા બચ્ચન, પુત્રી શ્વેતા નંદા અને દોહિત્રી નવ્યા એમ બચ્ચન પરિવારની ત્રણ પેઢી સફેદ રણનો નજારો માણ્યો હતો અને રણોત્સવ વચ્ચે ઊજવાતો પતંગોત્સવનો ભરપૂર આનંદ લીધો હતો. માતા અને નાની સાથે આવેલી નવ્યાએ સ્પેશ્યિલ મીડિયામાં તસવીરો શેર કરી હતી. આ ઉપરાંત રોડ ટુ હેવનનો ફોટો પણ અપલોડ કર્યો હતો. તસવીરમાં તે ખુશખુશાલ દેખાઈ રહી હતી. આમ ત્રણે જણએ નમકાચ્છાદિત સફેદ રણ તથા રણોત્સવનો આનંદ લીધો હતો.

● ૭૭ મા આર્મી દિવસની ઉજવણીના ભાગરૂપે કચ્છના રણમાં આર્મીના જવાનો દ્વારા ભૂમિ નૌકા વિહાર અભિયાનનો ૧૬મો મણકો પ્રારંભ કરાયો. આર્મીમાં ફરજ બજાવતા જવાનો કચ્છની સરહદ અને ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થાય તે માટે વર્ષ ૨૦૧૦થી આ સાહસિક અભિયાન હાથ ધરવામાં આવે છે. સાત નૌકામાં ૨૦ જવાન કેપ્ટન વીરેશ એસજીના નેતૃત્વ હેઠળ કચ્છના રણમાં યોટિંગ એટલે કે પાણી સિવાય ચાલી શકતી વજનમાં હલકી સઢવાળી નૌકા ચલાવવાનું સાહસ કરે છે. આ પ્રકારનું સાહસ અભિયાન એશિયામાં માત્ર કચ્છમાં જ થાય છે જે એક નોંધનીય બાબત છે. ૨૦ જવાન છ દિવસ સુધી કચ્છના રણમાં સફર કરીને ૪૦૦ કિલોમીટરનું અંતર કાપી કચ્છના રણની ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થશે.

● ધોરડોના શ્વેત રણ ખાતે રણોત્સવ પૂર બહારમાં ખીલ્યો છે જેને માણવા દેશના મહાન ઉદ્યોગપતિ ધીરૂભાઈ અંબાણીની નાની પુત્રવધૂ ટીના અનિલ અંબાણી કચ્છની મુલાકાત લીધી હતી. પ્રથમ તેઓ દેશદેવી મા આશાપુરાના દર્શન કર્યા બાદ કલાની પંચતીર્થ નિરોણા ગામની વૈવિધ્યસભર હસ્તકલાઓ નિહાળી ભારે પ્રભાવિત થયાં હતા. દેશના ધનાઢ્ય અંબાણી પરિવારની પુત્રવધૂ અને ૧૯૭૦ ના દાયકાની હિન્દી ફિલ્મની અભિનેત્રી ટીના મુનિમ એટલે ટીના અનિલ અંબાણી વિશ્વ વિખ્યાત હસ્તકલા રોગાન નિહાળી હતી તથા ગામની અન્ય કલા કોપરબેલ ખરકીની કલાવસ્તુઓ નિહાળી હતી. આ સદીઓ જૂની કલા પરંપરાને અતિ કપરા સંજોગોમાં સાચવી વિશ્વ ક્ષેત્રે લઈ જવા બદલ તેમજ આ કલાની સાથે ગામની અન્ય સમાજોની મહિલાઓને પણ સામેલ કરવા બદલ કારીગરોની પ્રશંસા કરી હતી.


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA